## —:: પ્રે સ નો ટ ::—

વેડ અને વરીયાવને જોડતા તાપી નદી પર આવેલ રીવર બ્રીજનું હાલમાં જ તા.૧૮/૦૫/૨૦૨૩ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ અને તા.૨૮/૦૬/૨૦૨૩ના રોજ સદર રીવર બ્રીજનાં વરીયાવ તરફ ઉતરતો ડાબી બાજુનાં ટ્રેકમાં રોડનાં એપ્રોચનાં ભાગે સેટલમેન્ટની ઘટના બનેલ જેમાં અંદાજિત ૩.૫ મી. પહોળાઈમાં તથા ૩૦ મી. જેટલી લંબાઈમાં રોડનો ભાગ આશરે ૪ ઈંચ બેસી જવાને કારણે બીટુમીનસ સરફેસમાં ક્રેક / તીરાડ થયેલ હતી, જેના કારણે સુરત મહાનગરપાલિકાની શાખને ગંભીર નુકશાન થવા પામેલ જેમાં સુપરવાઈઝર શ્રી જય પ્રિતેશકુમાર પટેલ તથા ટેકનીકલ આસીસ્ટન્ટ શ્રી દિનેશભાઈ દલપતભાઈ લાડ દ્વારા સુપરવિઝનમાં રાખવા જોગ તકેદારી ન રાખી ફરજમાં બેદરકારી અને ઉદાસીનતા દાખવી ગંભીર ફરજચુક કરી હોવાનું માલુમ પડતા, સુપરવાઈઝર શ્રી જય પ્રિતેશકુમાર પટેલને કારણદર્શક નોટીસ તથા ટેકનીકલ આસીસ્ટન્ટ શ્રી દિનેશભાઈ દલપતભાઈ લાડને તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે ફરજ મોકુફી હેઠળ મુકી તેઓ સામે ખાતાકીય તપાસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૧૩૮.....**
**તા.** ૦૧/૦૭/૨૦૨૩